# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-05-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

# DISTRICT TIRANGAA YATRA

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજે ભાજપ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરાયું છે. બોટાદ શહેરમાં આજે યોજાયેલી તિરંગા યાત્રામાં ધારાસભ્ય , રાજકીય આગેવાનો, સામાજિક સંસ્થા સહિત શહેર તેમજ જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. નાગલપર દરવાજા નજીક સૈનિક સ્ટેચ્યુ ખાતેથી ધારાસભ્ય શંભુપ્રસાદ ટુંડિયાએ તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવતાં આ મુજબ જણાવ્યું.

(બાઈટ: શંભુપ્રસાદ ટુંડિયા, ધારાસભ્ય)

મોરબીમાં જિલ્લા ભાજપના પ્રમુખની આગેવાની હેઠળ તિરંગા યાત્રા યોજાઇ , જેમાં ધારાસભ્યો સહિત ભાજપના આગેવાનો , હોદેદારો તેમજ કાર્યકરો અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. કચ્છ જિલ્લાના ભુજમાં 300 મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે યોજાયેલી તિરંગા રેલીમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો. જામનગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ૪ કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાઇ. જેમાં જામનગર શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી , સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્યો સહિત પૂર્વ સૈનિકો, ઉપરાંત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

મહેસાણામાં આજે સાંજે તિરંગા યાત્રામાં હજારો લોકો જોડાઈને તિરંગાને સન્માન આપશે. પંચમહાલમાં ગોધરામાં પણ આજે સાંજે 'તિરંગા યાત્રા'નુ પ્રસ્થાન કરાશે.

. . . . . . . . . . . . .

# SICKLE CELL SURAT CENTRE OF EXCELLENCE

કેન્દ્ર સરકાર દ્વારા 'સિકલસેલ એનિમિયા નાબૂદી અભિયાન અંતર્ગત સુરત ખાતે ગુજરાતના પ્રથમ 'સેન્ટર ઓફ કોમ્પીટન્સી-CoC'ને મંજૂરી આપવામાં આવી છે.

આદિજાતિ વિકાસ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે જણાવ્યું કે, સિકલસેલ એનિમિયાની આધુનિક સારવાર, નિદાન અને સંપૂર્ણ નાબૂદી માટે ભારત સરકારના આરોગ્ય- પરિવાર કલ્યાણ તેમજ જનજાતિ કાર્ય મંત્રાલય દ્વારા રાજ્યને છ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું કે, રાજ્યમાં આદિજાતિ વસ્તી ધરાવતા ૧૪ જિલ્લામાંથી દક્ષિણ ગુજરાતમાં આદિજાતિ સમુદાયમાંથી સિકલ સેલનાં દર્દીઓની સંખ્યા વધુ હોવાથી, CoC માટે ન્યુ સિવિલ હોસ્પિટલ -સુરતની પસંદગી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# SABARMATI SWACHTA

અમદાવાદ શહેરના મધ્યમાંથી વહે તી સાબરમતી નદીને સ્વચ્છ કરવાનું અભિયાન આજથી શરૂ કરાયું છે. મેયર પ્રતિભા જૈન અને ધારાસભ્યો સહિત ભાજપના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા નદીમાં ઉતરીને નદીમાં સફાઈ કરવામાં આવી હતી.

આ અભિયાનમાં મ્યુનિસિપલ કમિશનર, સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન અને શાસક પક્ષના નેતા આ અભિયાનમાં જોડાયા હતા. મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે વિવિધ સામાજિક સંસ્થાઓની સાથે મળીને કુલ પાંચ તબક્કામાં સફાઈ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# KUTCH NARMADA

કચ્છની જીવાદોરી સમાન નર્મદા યોજનાની મુખ્ય શાખા કેનાલમાં આજથી પાણી વહેતું થયું છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે બનાસકાંઠા અને કચ્છના રાપર તાલુકાના રણ વિસ્તાર સહિતના વિસ્તારોમાં કેનાલનું રિપેરિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. કેનાલમાં પાણી છોડાયા બાદ ત્રણ-ચાર દિવસમાં પાણી પહોંચશે અને એક સપ્તાહમાં સંપૂર્ણ પ્રવાહ શરૂ થશે.

. . . . . . . . . . . . .

# WEATHER RAIN

ડાંગ જિલ્લામાં છેલ્લા દસ દિવસથી વરસી રહેલા કમોસમી વરસાદની મિશ્ર અસર જોવા મળી છે. એક તરફ વરસાદ ખેડૂતો માટે આફતરૂપ સાબિત થયો છે, તો બીજી તરફ જિલ્લાનાં કુદરતી સૌંદર્યમાં અનેકગણો વધારો થયો છે. ગિરિમથક સાપુતારા, શામગહાન, માળુંગા, સાકરપાતળ, વઘઇ, આહવા, સુબિર અને પૂર્વપટ્ટી સહિત સરહદીય પંથકોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો હતો.

બીજી તરફ ખેતરોમાં શાકભાજી અને પાકને નુકસાન થવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. અરવલ્લી જિલ્લામાં મોડી રાત્રે મોડાસા , મેઘરજ, શામળાજી પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં પલટાને કારણે ઘાસચારો સહિત બાજરીના પાકને નુકસાન પહોંચ્યું છે. શાંતિપુરા પંથકમાં ખેડૂતોએ વાવેલા ઘાસચારા તેમજ અન્ય પાકોને નુકસાન થવાની ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . .

# TRAIN SCHEDULE

દક્ષિણ મધ્ય રેલ્વેના સિકંદરાબાદ ડિવિઝનમાં ત્રીજી લાઇન પેચ ટ્રિપલિંગના કામને કારણે, 28 મે અને 18 જૂનના રોજની ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેનને ડાયવર્ટ રૂટ સાથે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. 28 મે અને 18 જૂનની ટ્રેન સંખ્યા 20820 ઓખા-પુરી એક્સપ્રેસ અને 25 મે અને આજની ટ્રેન સંખ્યા 20819 પુરી-ઓખા એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ-વિશાખાપટ્ટનમ-વિજયવાડા-બલ્લારશાહ-બડનેરાના બદલે પરિવર્તિત માર્ગ વાયા લખોલી-રાયપુર-નાગપુર-બડનેરાના રસ્તે ચાલશે.

. . . . . . . . . . . . .

# CANCER PATIENT GSRTC DISCOUNT

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં કેન્સરના દર્દીઓ અને તેના સહાયકોને ભાડામાં છૂટછાટ આપવામાં આવે છે.

કેન્સરના દર્દીઓને અને તેમના સહાયકને એસ.ટી બસમાં તેમના નિવાસસ્થાનેથી અમદાવાદ , વડોદરા, રાજકોટ, સુરત ખાતેની કેન્સર હોસ્પિટલમાં તબીબી સારવાર માટે સામાન્ય બસનાં ભાડામાં ૫૦% રાહતનો લાભ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ૩.૫ લાખથી વધુ કેન્સરના દર્દીઓ અને તેમના સહાયકોએ લીધો છે.

આ યોજનાનો લાભ લેવા કેન્સરના દર્દીએ સાદા પેપર પર અરજી કરવાની રહેશે જેમાં  સિવિલ સર્જનનું પ્રમાણપત્ર જોડીને નજીકના એસ.ટી બસ સ્ટેશન પર આપવાનું રહેશે.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

--------------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)